દાખલ થયા તારીખ:- ૦૪/૦૨/૨૦૨૫
રજીસ્ટરે લીધા તારીખ :-૦૪/૦૨/૨૦૨૫
નિકાલ થયા તારીખ :-૨૫/૦૩/૨૦૨૬

| સમયગાળો :- | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૧ | ૦૧ | ૨૧ |

---

**નામદારશ્રી બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, અંજાર-કચ્છ.**

---

**ફો.પ. અરજી નંબર : ૭૬/૨૦૨૫**
**આંક :-**

**ઈબ્રાહીમ આમદ સોઢા**
ઉ.વ.આ.૨૧, ધંધો: મજુરી,
રહે. ગામ-ધમડકા,
તા.અંજાર-કચ્છ. **:::::::: અરજદાર.**

**વિરૂધ્ધ**

**તલાટી સહમંત્રીશ્રી,**
ધમડકા જુથ ગ્રામ પંચાયત,
ગામ-ધમડકા, તા.અંજાર-કચ્છ. **::::::::: સામાવાળા.**

---

**બાબત:- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે મરણ નોંધ થવા અરજી.**

---

**અરજદાર તરફે વિ.વકીલ શ્રી : આઈ.એ.બાયડ**
**સામાવાળા તરફે જાતે.**

---

-:: <u>ઠરાવ</u> ::-

(૧) આ કામનાં અરજદારના માતા "સ્વ. ભચીબાઈ આમદ સોઢા'' નું અવસાન તા.૨૮/૦૨/૨૦૧૭ ના રોજ ગામ-ધમડકા, તા.અંજાર-કચ્છ મધ્યે થયેલ છે. અરજદારની કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે તેમના પતિના મરણની નોંધ સામાવાળા ના દફતરે રહી જવા પામેલ છે. અરજદારને તેમના મકાનમાં વારસાઈ નોંધ પડાવવા માટે તથા અન્ય સરકારી કચેરીમાં કામકાજ માટે મરણના પ્રમાણપત્રની જરૂરત હોઈ હાલની અરજી કરેલ છે.

(૨) આ કામનાં સામાવાળાને ધોરણસરની નોટીસ કરતા સામાવાળા જાતે હાજર થયેલ છે અને આંક-૧૦ થી જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદાર ઈબ્રાહીમ આમદ સોઢાએ તેમના માતા "સ્વ. ભચીબાઈ આમદ સોઢા'' ની મરણ નોંધણી અંગે અરજી કરેલ. ધમડકા ગ્રામ પંચાયત મરણ રજીસ્ટર તપાસતા મરણની નોંધ વર્ષ ૨૦૧૭ ના રજીસ્ટરમાં થયેલ નથી. ફોર્મ નં.૧૦ અપ્રાપ્ય પ્રમાણ પત્ર સામાવાળા ધ્વારા આપવામાં આવેલ તે માર્ક-૩/૧ થી રજુ રાખેલ છે.

(૩) વધુમાં સદરહુ અરજીના કામે આંક-૧૧ થી અરજદાર ઈબ્રાહીમ આમદ સોઢા નાઓનું પુરાવાનું સોગંદનામું રજુ છે, આંક-૧૨ થી સાહેદ શેખ અકબર આમદશા નાઓનું પુરાવાનું સોગંદનામું રજુ છે, આંક-૧૩ થી સાહેદ શેખદાદા સબીરહુસેન જુસબશા નાઓનું પુરાવાનું સોગંદનામું રજુ છે, આંક-૧૪ થી સાહેદ સોઢા જાનમામદ ભચુભાઈ નાઓનું પુરાવાનું સોગંદનામું રજુ છે. તેઓએ "સ્વ. ભચીબાઈ આમદ સોઢા'' નું અવસાન તા.૨૮/૦૨/૨૦૧૭ ના રોજ ગામ-ધમડકા, તા.અંજાર-કચ્છ મધ્યે થયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે.

આ ઉપરાંત અરજદાર તરફે સદરહુ અરજીના કામે કચ્છ ઉદય દૈનીક વર્તમાનપત્રમાં તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવવામાં આવેલ છે. જે જાહેર નોટીસ માર્ક-૬/૧ થી રજુ રાખેલ છે. તથા જાહેર નોટીસનું અસલ બીલ માર્ક-૬/૨ થી રજુ રાખેલ છે. સદર જાહેર

નોટીસ પ્રસિધ્ધ થયા બાદ આ કામે કોઈ વાંધો કે તકરાર રજુ થયેલ નથી. તેમજ માર્ક–૩/૨ થી અરજદારના ચુંટણીકાર્ડની ખરીનકલ તથા માર્ક–૩/૩ થી અરજદારના પિતાના મરણના દાખલાની ખરીનકલ રજુ રાખેલ છે. ઉપરોકત પુરાવા બાદ અરજદાર તરફે આંક–૧૫ થી કલોઝીંગ પુરશીશ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૪) સદરહુ અરજીના કામે અરજદારનાં વિ.વકીલશ્રીની મૌખિક રજુઆત સાંભળી, અરજીની હકીકત અને કાયદાની જોગવાઈ, રજુ થયેલ પુરાવો વિગેરે ધ્યાને લીધો. જન્મ–મરણ નોં ધણી અધિનિયમ –૧૯૬૯ ની કલમ–૧૩(૩) થી એવી જોગવાઈ કરવામાં આવી છે કે, જે જન્મ અગર મરણની નોંધ જે તે વખતે કરાવવામાં આવી ન હોય તો તેવા, જન્મ અગર મૃત્યુ સબંધે જરૂરી ખરાઈ કરી, મેજિસ્ટ્રેટનાં હુકમથી પાછળથી તે કરી શકાય છે. આ કામમાં અરજદાર તરફે રજુ થયેલ પુરાવાને પડકારવામાં આવેલ ન હોઈ રજુ થયેલ પુરાવાને ન માનવાને કોઈ કારણ નથી. વળી અરજદારની તથા તેમના પરિવારજનોની કાયદાકીય અજ્ઞાનતાનાં કારણે અરજદારના માતાના મરણની તારીખ નોંધાવી ન શકયાનું વિરૂધ્ધનાં પુરાવાનાં અભાવે માની શકાય તેમ છે. આમ રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં અરજદારના માતા "સ્વ. ભચીબાઈ આમદ સોઢા'' નું અવસાન તા.૨૮/૦૨/૨૦૧૭ ના રોજ ગામ–ધમડકા, તા.અંજાર–કચ્છ મધ્યે થયેલ હોવાનું ઉપરોકત પુરાવાથી ફલીત થાય છે. આ સબંધે આપણી વડી અદાલતે **કરીમાબીબી વિરૂધ્ધ અંકલેશ્વર મ્યુનિ. કોર્પોરેશનનાં ૧૯૯૭(૨) જી. એલ.આર. પાના નં.૧૧૭૪** ઉપર પ્રસિધ્ધ થયેલ રૂલીગમાં આ પ્રકારની અરજીનો નિર્ણય કરતી વખતે ખરાઈ કરવા સબંધે આપવામાં આવેલ ડાયરેકશન વિગેરેની વિચારણા કરતા અરજદારની અરજી મંજુર કરવાપાત્ર થતી હોવાનાં નિર્ણય ઉપર આવુ છુ અને નીચે મુજબ હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારના માતા "સ્વ. ભચીબાઈ આમદ સોઢા''નું અવસાન

તા.૨૮/૦૨/૨૦૧૭ ના રોજ ગામ–ધમડકા, તા.અંજાર–કચ્છ મધ્યે થયેલ હોવાનું ઠરાવી આ કામના સામાવાળા તલાટી સહમંત્રીશ્રી, ધમડકા જુથ ગ્રામ પંચાયત, ગામ–ધમડકા, તા.અંજાર–કચ્છ નાઓને એવો આદેશ કરવામાં આવે છે કે, તેઓએ અરજદાર પાસેથી નિયમાનુસાર લેવાપાત્ર થતી લેઈટ ફી વસુલ લઈને આ હુકમ આધારે જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રરએ મરણની નોંધ પાડી આપી, તે અંગેનો દાખલો અરજદારને આપવો.

**(૩) મરણ રજીસ્ટરે નોંધવાની વિગત:–**

(૧) નામ :– સ્વ. ભચીબાઈ

(૨) પતિનું નામ :– આમદ સુમારભાઈ સોઢા

(૩) મરણ તારીખ :– ૨૮/૦૨/૨૦૧૭

(૪) મરણનું સ્થળ :– ગામ: ધમડકા, તા.અંજાર–કચ્છ.

(૪) સામાવાળાને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તારીખ:– ૨૫/૦૩/૨૦૨૬
અંજાર–કચ્છ.

**(એસ.ડી.ત્રીપાઠી)**
બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
અંજાર–કચ્છ.
કોડ નં. જીજે ૦૧૪૦૨